# Video Conference of senior trade officials of SAARC countries on dealing with the impact of Covid-19 on intra-regional trade

April 08, 2020

## આંતર-પ્રાંતિય વ્યાપાર પર કોવિડ-19 ની અસરનો ઉકેલ મેળવવા પર સાર્ક દેશોનાં વરિષ્ઠ વ્યાપાર અધિકારીઓની વિડીયો કોન્ફરન્સ

એપ્રિલ 08, 2020

15 માર્ચ 2020 નાં રોજ સાર્ક આગેવાનોની વિડીયો કોન્ફરન્સમાં વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલી જાહેરાતનાં અનુસરણનાં પગલા તરીકે, યાત્રા પ્રતિબંધોની અસર અને આંતર-પ્રાંતિય વ્યાપાર પર વ્યાપક કોવિડ-19 પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે તમામ સાર્ક દેશોનાં આમંત્રિત વરિષ્ઠ વ્યાપાર અધિકારીઓની વિડીયો કોન્ફરન્સ 8 એપ્રિલ 2020 નાં રોજ યોજવામાં આવી હતી.

પાકિસ્તાન સિવાયનાં તમામ સાર્ક દેશોએ આ વિડીયો કોન્ફરન્સમાં ભાગ લીધો હતો.

વર્તમાન પડકારજનક સંજોગોમાં વિષદ સંયુક્ત હિત અને સમસ્યા-નિવારક અભિગમનું નિરૂપણ કરતા, તમામ દેશોએ વ્યાપક-શ્રેણીમાં વ્યાપાર સંબંધિત કાર્યસૂચિ પર ચર્ચામાં સક્રિય યોગદાનો આપ્યા હતા. એવી ઓળખ કરવામાં આવી હતી કે કોવિડ-19 મહામારી સાર્ક પ્રાંતમાં વ્યાપાર પર નોંધપાત્ર પ્રતિકૂળ અસર કરે તેવી સંભાવના રહેલી છે. દેશો આ પરિસ્થિતિમાંથી બહાર આવી શકે તે માટે, તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે  સામાન્ય વ્યાપાર ચેનલો સંપૂર્ણ પુનઃસ્થાપિત થાય ત્યાં સુધી આંતર-પ્રાંતિય વ્યાપાર જાળવી રાખવા અને વધારવા માટે નવા માર્ગો અને સ્ત્રોતોની સંયુક્ત રીતે ઓળખ કરવી. સાર્ક પ્રાંતમાં મહત્વપૂર્ણ વ્યાપાર જાળવી રાખવાની અનિવાર્ય જરૂરીયાતને સાનુકૂળ વિચારણા માટે મહત્વનાં પ્રેરક ક્ષેત્ર તરીકે જોવામાં આવી હતી.

આ વિડીયો કોન્ફરન્સ પર સંબોધવામાં આવેલા કેટલાક ચોક્કસ મુદ્દાઓમાં વ્યવહારું નિરાકરણો મારફત વ્યાપારને સુવિધાસ્પદ બનાવવાનો સમાવેશ થતો હતો, જેમ કે, સાનુકૂળ શરતો સાથે પસંદગીની ડ્યુટી પર આયાતોનું પ્રાવધાનિક ક્લિયરન્સ, ડિજિટલી હસ્તાક્ષરકૃત ઉદ્ભવ સ્થાનનાં પ્રમાણપત્રોની પ્રાવધાનિક સ્વિકૃતિ,કસ્ટમ્સ દ્વારા આયાતોનાં ક્લિયરન્સ અને બેંકો દ્વારા ચૂકવણીઓ મૂક્ત કરવા માટે દસ્તાવેજોની સ્કેન કરેલી નકલોની સ્વિકૃતિ, જમીની સીમા પર જમીની કસ્ટમ્સ સ્ટેશનો પર આયાતો/નિકાસો માટે સામનો કરવો પડતી સમસ્યાઓનું નિરાકરણ કરવું. પ્રાંતિય વ્યાપાર પર કોવિડ-19 જેવી આરોગ્યની સમસ્યાની અસર અને તેને દૂર કરવાનાં સંભવિત પગલાઓને સાર્ક પ્રાંતમાં વ્યાપાર સુવિધાકરણનાં બહોળા ફ્રેમવર્કમાં ચર્ચા માટેનાં નવા એકાગ્રતા બિંદુ ક્ષેત્ર તરીકે જોવામાં આવ્યા હતા. આંતર સાર્ક વ્યાપારની માત્રા વધારવાની જરૂરીયાત પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

વ્યાપક ચર્ચા બાદ, તમામ સહભાગી દેશોએ દરેક દેશમાં નિર્ધારિત કેન્દ્ર બિંદુ મારફત નજીકનાં અને નિયમિત

સંપર્કમાં રહેવાનો પ્રસ્તાવ રાખ્યો હતો. ભારતીય પક્ષે આ કસરતનું સંકલન કરવાની ઑફર કરી હતી, જે કોવિડ-19 કટોકટીમાંથી પરિણમતા હલનચલનનાં નિયંત્રણો દૂર કરવામાં આવ્યા બાદ પ્રાંતમાં સામાન્ય વ્યાપારનાં વહેલા પુનઃસ્થાપનો લક્ષ્યાંક રાખતાવિચારો અને પ્રસ્તાવિત પગલાઓનાં આગળનાં આદાન-પ્રદાનને પણ સક્ષમ બનાવશે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 08, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.